# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૨૪ કેસ નોંધાયા

**ગાંધીનગર તાલુકામાં ૧૫, દહેગામ ૧, કલોલમાં ૪ અને માણસામાં ૪ કેસ નોંધાયા : ૧૮ હજારથી વધુ લોકો ક્વોરોન્ટાઈન**

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્યવિસ્તારમાં આજે કોરોનાના વધુ ૨૪ કેસ મળી આવતાં તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો હતો.

આજે નોંધાયેલા કેસોમાં ગાંધીનગર તાલુકામાં ૧૫, દહેગામમાં ૧, માણસામાં ૪ અને કલોલમાં ૪ કેસનો સમાવેશ થાય છે.

ગાંધીનગર તાલુકામાં હોટસ્પોટ બનેલા પેથાપુરમાંથી આજે વધુ ૩ કેસ મળી આવ્યા છે. પેથાપુરમાંથી ૨૬ વર્ષીય યુવાન, ૪૪ વર્ષીય પુરૂષ તેમજ ૬૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

અડાલજ કોબા અને કુડાસણ ગામેથી પણ આજે એક-એક કેસ મળી આવેલ છે. અડાલજમાંથી ૪૦ વર્ષીય ગૃહીણી તેમજ કોબામાંથી ૩૪ વર્ષીય મહિલાનો અને કુડાસણમાંથી ૪૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. શેરથા, કસ્તુરીનગર પણ હવે હોટસ્પોટ બનવા તરફ આગળ વધી રહેલ છે. ત્યાંથી પણ આજે ૬૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

રાંધેજામાંથી ૪૫ વર્ષીય પુરૂષ તેમજ રૂપાલમાંથી ૩૧ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સુઘડમાંથી આજે બે કેસ કોરોનાના નોંધાયા છે. સુઘડમાં ૭૦ વર્ષીય મહિલા અને ૪૧ વર્ષના પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સુઘડની મહિલા કેવી રીતે સંક્રમિત થઈ તે અંગેની વિગતો તંત્ર દ્વારા મેળવવામાં આવી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

## આરોગ્યતંત્રની અખબારી યાદીમાં સરવાળાની ભૂલ આવી રહી છે !

ગાંધીનગર, તા. ૨૭

જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા કોવિડ-૧૯ ના સંક્રમણની આંકડાકીય વિગતોની જે પ્રેસનોટ અખબારો સુધી પહોંચાડવામાં આવે છે તેના સરવાળામાં ભૂલો રહી જવા પામી છે.

આજે જારી કરાયેલ કેસોમાં આજ સુધીમાં જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૯૨૭ દર્શાવવામાં આવી છે. જેમાં હાલ ૨૧૪ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૬૩૭ દર્દીઓને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે અને ૪૩ દર્દીઓના સારવાર દરમ્યાન મોત થયાનુ દર્શાવાયુ છે.

એક્ટીવ દર્દી, ડિસ્ચાર્જ દર્દી તેમજ મૃતકોનો સરવાળો કરીએ તો ૮૯૮ થાય છે જ્યારે જિલ્લામાં નોંધાયેલા કેસોની સંખ્યા ૯૨૭ દર્શાવવામાં આવી છે. સરવાળાની આ ભૂલ છેલ્લા ઘણા દિવસોથી ચાલી આવે છે એટલે ખરેખર દર્દીઓના મોત છુપાવાય છે કે દર્દીઓની સંખ્યા જે એક્ટીવ કેસ છે તેમનો આંકડો છુપાવવામાં આવી રહ્યો છે તે સમજાતુ નથી.

## શહેરમાં વધુ ૧૦ કેસ નોંધાયા

**સે. ૨૬ ના દર્દીનું સારવાર દરમ્યાન મોત : મૃત્યુઆંક ૧૩ થયો : આજે સે. ૨૭ માંથી બે, સે. ૩-એ-ન્યુ, સે. ૨૧, સે. ૪-સી, સે. ૨૪, સે. ૨૫, સે. ૨૮, સે. ૧૩, સે. ૧૬ માંથી કેસો મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરમાંથી આજે કોરોનાના વધુ ૧૦ કેસ મળી આવ્યા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૪૩૨ પર પહોંચી છે.

આજે સારવાર દરમ્યાન શહેરના એક દર્દીનું મોત થયુ છે. સે. ૨૬ માં નોંધાયેલા આ દર્દી સારવાર માટે અમદાવાદ સારવાર હેઠળ હતા. આ સાથે શહેરમાં મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા વધીને ૧૩ થઈ છે.

આજે નોંધાયેલા કેસોમાં સે. ૨૭ માં બે કેસ, સે. ૩-એ-ન્યુ, સે. ૨૧, સે. ૪-સી, સે. ૨૪, સે. ૨૮, સે. ૧૩, સે. ૧૬ અને સે. ૨૫ ના દર્દીઓનો સમાવેશ થાય છે. આજે બે દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે નોંધાયેલ કેસમાં બે મહિલા દર્દીઓ છે. મળતી વિગતો પ્રમાણે સે. ૨૭ માં રહેતા ખાનગી વેપાર કરતા એક ૪૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમના પરિવારમાં અગાઉ એક કેસ નોંધાયો હોવાથી સંપર્કને કારણે આ વેપારી સંક્રમિત થયા હોવાનું મનાઈ રહ્યું છે. તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તેમના પરિવારના એક સભ્યને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

સે. ૨૭ માંથી એક પી.આઈ. જે એસ.આર.પી.માં ફરજો બજાવે છે તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે.

આરોગ્ય વિભાગમાં આંકડા મદદનીશ તરીકે કામ કરતી એક ૨૭ વર્ષીય યુવતીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવતીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તેણીનીના પરિવારના ૪ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## વાત ગાંધીનગરની

ગાંધીનગરમાં સોમવારનો આરંભ ધમધમાટભર્યો થયો. સરકારી કચેરીઓમાં પણ ઉત્સાહપૂર્વક કર્મચારીઓની હાજરી વર્તાતી હતી અને સચિવાલયમાં ઠેરઠેર દરેક સેક્ટરમાં કેટલા પોઝીટીવ અને કેટલા ક્વોરન્ટાઈન થયા તેની વાતો સાવચેતીની ઉર્જા પ્રસરાવતા હતા. શ્રાવણ મહિનાનો પહેલો સોમવાર હોવાથી શિવાલયોમાં ભાવિકોની હાજરી હતી પરંતુ પ્રમાણ ખૂબ જ ઓછુ હતુ.

**ગાંધીનગરને કોરોના સામે લડવા પાંચ કરોડની ફાળવણી**

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે મુખ્યમંત્રી રાહતનિધિમાંથી કોરોના સામે લડવા માટે ગાંધીનગર મહાનગરપાલિકાને રૂપિયા પાંચ કરોડની ફાળવણી કરી છે. જેમાંથી પીપીઈ કીટ, માસ્ક, સેનિટાઈઝર, ક્વોરોન્ટાઈન વિસ્તારોના દર્દીઓને તથા આરોગ્ય રક્ષક દવાઓ માટે ખર્ચી શકાશે.

**નવરાત્રીના ગરબા પર અલ્પવિરામ**

રાજ્યભરના ગરબા આયોજકોનુ પ્રતિનિધિમંડળ બપોરે મુખ્યમંત્રીને મળ્યુ હતુ. પ્રતિનિધિમંડળની રજૂઆત હતી કે નાના-નાના પાર્ટી પ્લોટમાં ઓછી સંખ્યામાં નવરાત્રી આયોજન માટે મંજૂરી આપવી જોઈએ. મુખ્યમંત્રીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યુ હતુ કે ૩૦ મી ઓગષ્ટ સુધી તો કોઈ મેળા-મહોત્સવનો વિચાર જ નહી કરાય. જો ૩૦ મી ઓગષ્ટ બાદ કોરોના સંક્રમણની સ્થિતિમાં સુધાર આવશે તો કેન્દ્ર સરકારની ગાઈડલાઈન મુજબ વિચારણા થઈ શકે પરંતુ આજે તો કોઈ વિચાર થઈ શકે એમ નથી. આમ નવરાત્રીના ગરબા આયોજનની વાત પર મુખ્યમંત્રીએ એક મહિના માટે અલ્પવિરામ મુક્યુ છે.

**કેબીનેટ મંત્રી ટી-શર્ટ પહેરીને ઓફિસ આવે છે**

સ્વર્ણિમ સંકુલ મંત્રીઓ અને રાજનેતાઓની અવરજવરથી ધમધમતુ હોય છે. સામાન્ય: મંત્રીઓ ઝભ્ભો-લેંઘો, કોટી, સફારી કે પેન્ટ શર્ટ જેવા પરંપરાગત વસ્ત્રો પહેરતા હોય છે પણ નાગરિક પૂરવઠા મંત્રી ટી-સર્ટ અને જીન્સ પહેરીને કચેરીમાં આવે છે. નેતાઓને પરંપરાગત વસ્ત્રોમાં જોવા ટેવાયેલી આંખોને આ દશ્ય નવાઈ પમાડે છે. પણ હવે નવી જનરેશન જેમ જેમ રાજનીતિમાં આવતી જશે તેમ તેમ આવા દશ્યો સામાન્ય બનશે.

**પેટા ચૂંટણીના મુરતીયાઓ પર મંથન**

ભાજપના મુખ્યાલય કમલમ્ ખાતે સાંજે સાડા છ વાગે પ્રદેશ ભાજપની કોર કમિટિની બેઠકમાં પેટા ચૂંટણીના આઠેય ઉમેદવારો પર મંથન શરૂ થયુ છે. બિન સત્તાવાર સુત્રોની માહિતી મુજબ આઠમાંથી પાંચ બેઠક પર કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયેલા પૂર્વ ધારાસભ્યોને રીપીટ કરાશે જ્યારે બાકીની ત્રણ બેઠકો પર ભાજપના અગ્રણીઓને લડાવાશે. જેમ કે આત્મારામ પરમાર, કીરીટસિંહ રાણા જેવા અગ્રણીઓના નામો પણ ચર્ચામાં આવ્યા છે.

**ભાજપનુ નવુ માળખુ આજકાલમાં...**

ભાજપના નવ નિયુક્ત પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ આજકાલમાં જ પોતાની નવી ટીમ જાહેર કરવાની તૈયારીમાં છે. સોમવારે સાંજે કોર કમિટીના વરિષ્ઠ નેતાઓના મત મેળવવાનો પ્રયાસ કરાયો હતો. જો કે કેન્દ્રિય મોવડી મંડળના માર્ગદર્શન મુજબ નામોને આખરી ઓપ અપાઈ રહ્યો છે. જેમાં ભાજપના રાષ્ટ્રીય મંત્રી સતીષજી પણ ઉપસ્થિત રહ્યા હતા. સાથોસાથ મહાનગર અને જિલ્લા પ્રમુખોની જાહેરાત પણ બે-ચાર દિવસમાં જ કરાશે એમ પણ જાણવા મળ્યુ છે.

**'અર્ક' આજનો...**

"વખાણવામાં વર્ષો વીતે છે અને વખોડવામાં એક પળ..."



"આયા રે ખીલોના વાલા, ખેલ ખીલોના લે કે આયા રે..." જુની ફિલ્મનું આ ગીત અચાનક જ આ વડીલ કાકાને જોઈને યાદ આવી ગુયુ... આજકાલના બાળકોને માટીના રમકડાં, પીપુડાં, ચકરડી, ભમરડો, ફુગ્ગાં જેવા રમકડાંની જાહોજલાલી તો ક્યાંથી ભોગવવા મળે. સાવ સસ્તામાં મળતાં આવા રમકડાંઓનું સ્થાન આજકાલ મોબાઈલ અને ચાઈનીઝ રમકડાંઓ અને ગેમ્સે લઈ લુધી છે. માટીમાં રમવાનુ જ બાળકો ભુલી ગયા છે તો આવા રમકડાંઓથી રમવાનુ બાળકો ક્યાંથી શીખે. જો કે હજુ ગરીબો અને શ્રમજીવીઓના બાળકો આવા પરંપરાગત રમકડાંઓ સસ્તા હોવાના કારણે ખરીદે છે. ધોળાકુવા ખાતે રહેતા આ કાકા છેલ્લા કેટલાય વર્ષોથી નિયમિત રીતે ગાંધીનગર આવી નાના રમકડાંઓ, ફુગ્ગાઓ વેચી પોતાનુ ગુજરાન ચલાવે છે.

## માધ્યમિક - ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક સંઘ આંદોલન કરશે

**ગ્રાન્ટેડ શાળાના કર્મચારીઓને સાતમા પગાર પંચનુ એરિયર્સ, ફાજલનુ રક્ષણ સહીતની માંગણીઓ સંદર્ભે જિલ્લા શિક્ષણાધિકારીને રજુઆત**

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગર જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘે માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓના પડતર પ્રશ્નોના નિરાકરણ માટે જિલ્લા શિક્ષણાધિકારીને રજુઆત કરી છે. કર્મચારીઓના પડતર પ્રશ્નોનુ ટુંકમાં નિરાકરણ નહીં આવે તો કર્મચારીઓ ગાંધી ચિંધ્યા માર્ગે રાજય વ્યાપી આંદોલન કરશે.

ગાંધીનગર જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ શૈલેષ પટેલે આ અંગે રજુઆત જણાંવ્યા મુજબ ગાંધીનગર જિલ્લા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ દ્વારા જિલ્લાની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓના પડતર પ્રશ્નોના નિરાકરણ માટે જિલ્લા શિક્ષણાધિકારીને રજુઆત કરી છે. જેમાં ફીક્સ પગારની નોકરીને સળંગ ગણવા માટે ઠરાવનો હજુ સુધી સ્વીકાર કરવામાં આવ્યો નથી. આ ઉપરાંત તા ૩૧ માર્ચ વર્ષ ૨૦૧૬ બાદ સરકારે ભરતી કરી

● અનુસંધાન પાન-૭ પર

## સેકટરોમાં છેલ્લા એક સપ્તાહથી અંધારુ : સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતા રહીશોમાં ભય

**વરસાદી દિવસોમાં બંધ રહેતી સ્ટ્રીટ લાઇટો બંધ રહેતા સાંજ ઢળતા સેકટરોની શેરીઓમાં ઘનઘોર અંધારુ છવાઇ જાય છે**

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગરના સેકટરોની શેરીઓમાં છેલ્લા એક સપ્તાહથી સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતી હોવાની ફરિયાદો વધી છે.જેના લીધે વરસાદી દિવસોમાં સાંજ ઢળતા સેકટરોમાં અંધારુ છવાઈ જાય છે. સે-૩ સી સહીત નવા સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો બંધ રહેતા નાગરિકોમાં ભયની લાગણી વ્યાપી છે. એકબાજુ તંત્ર શહેરના સેકટરોમાં ૯૦ ટકા જેટલી લાઈટો અજવાળુ પાથરતી હોવાનો દાવો કરી રહી છે.ત્યારે નાગરિકો લાઈટો ડુલ રહેતી હોવાની ફરિયાદો કરી રહ્યા છે.

શહેરમાં એકબાજુ તંત્ર મોટાભાગની સ્ટ્રીટ લાઈટો ચાલુ હોવાનો દાવો કરે છે. જયારે બીજીતરફ સેકટરોમાં છેલ્લા એક સપ્તાહથી અંધારપટ્ટ છવાયેલો છે. શહેરમાં સાંજ ઢળતા જ અંધારુ છવાઈ જાય છે. સેકટરોની શેરીઓમાં અંધારપટ્ટ વચ્ચે સિનિયર સિટીઝન્સ તેમજ મહીલાઓએ ડગલે ને પગલે હાલાકી વેઠવી પડે છે.

જયારે રાત્રિના સમયે નાગરિકોને તસ્કરોનો ભય સતાવે છે. શહેરમાં એલ ઈ ડી લાઈટનો પ્રોજેકટ અમલમાં આવ્યા બાદ સ્ટ્રીટ લાઈટની જાળવણીનુ કામ દિલ્હીની એજન્સી સંભાળે છે. જયારે સેકટરોમાં બંધ રહેતી સ્ટ્રીટ લાઈટનુ ઓનલાઈન મોનીટરીંગ થતુ હોવાનુ પણ સુત્રો જણાંવી રહ્યા છે. આવા સંજોગોમાં શહેરમાં સ્ટ્રીટ લાઈટની ફરિયાદો અગાઉ કરતા ઘટી હોવાનો દાવો પણ તંત્રએ કર્યો છે. પરંતુ વરસાદી દિવસોમાં છેલ્લા ઘણાં સમયથી સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતી હોવાનો આક્રોશ સ્થાનિકો સેવી રહ્યા છે. ત્યારે સે-૩ સી સહીત નગરના નવા સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો બંધ રહેતા સાંજ ઢળતા જ અંધારુ છવાઈ જાય છે. મહીલાઓએ ઘરની બહાર નિકળવુ પણ મુશ્કેલ બને છે.

જયારે ઘનઘોર અંધારા વચ્ચે નાગરિકો પોતાના ઘર આંગણે કોમન ચોકમાં પણ જઈ ન શકે તેવી સ્થિતિ સર્જાય છે. આ મામલે અનેકવાર તંત્ર સમક્ષ રજુઆત કરવા છતા કોઈ પગલા લેવાતા નથી જયારે સેકટરોમાં બંધ સ્ટ્રીટ લાઈટની ફરિયાદો દુર કરવા માટે તંત્ર દ્વારા કોઈ સર્વે પણ હાથ ધરાતો નથી.

## શહેરમાં કોમર્શિયલ કોમ્પ્લેક્ષ પાસે પાર્કીંગના નામે દંડ વસુલી સામે નાગરિકોમાં રોષ

ગાંધીનગર તા ૨૭

શહેરમાં વિકાસના નવા આયામો વચ્ચે નવા બિલ્ડીગોનુ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. શહેરમાં હાલ કાર્મશિયલ કોમ્પલેક્ષ પણ ધમધમી રહ્યા છે. પરંતુ કોરોનાની મહામારી વચ્ચે વેપાર ધધા પણ મંદા છે .ત્યારે દુકાન પર આવતા મુલાકાતીઓએ પણ પાર્કીંગના નામે આકરી દંડ વસુલીનો ભોગ બનવુ પડે છે.

શહેરમાં કોર્મશિયલ કોમ્પલેક્ષ નજીક પોલીસ તંત્ર દ્વારા નો પાર્કીંગ એરિયા જાહેર કરાયા નથી જે વાતથી અજાણ મુલાકાતીઓ પોતાના વાહનો પાર્ક કરે ત્યારે પોલીસ દંડ વસુલે છે. આ સ્થિતિ વચ્ચે શહેરમાં પાર્કીંગના મુદ્દે દંડનો ભોગ બનતા નાગરિકોને અનુલક્ષી નગરમાં નો પાર્કીંગ ઝોન જાહેર કરી દંડ વસુલવાનુ અભિયાન હાથ ધરવુ જોઈએ તેવો સુર પણ ઉઠવા પામ્યો છે.

**શહેરમાં નો પાર્કીંગ ઝોન જાહેર કરાયા નથી ત્યારે આમ નાગરિકો અને બહારગામથી આવતા મુલાકાતીઓ પણ આ વાતથી અજાણ છે**

શહેરના કોર્મશિલ વિસ્તારમાં હાલ ટ્રાફિક પોલીસ પાર્કીંગ બદલ આમ નાગરિકો પાસેથી આકરો દંડ વસુલી રહી છે. જયારે નગરના મોટાભાગના કોર્મશિયલ કોમ્પલેક્ષ નજીક પાર્કીંગની પુરતી વ્યવસ્થા નથી ત્યારે નાગરિકોએ પણ પોતાના વાહનો ક્યાં પાર્ક કરવા તે મામલે ડગલે ને પગલે મુંઝવણ થાય તેવી સ્થિતિ સર્જાય છે. જયારે હાલ કોરોનાની મહામારી વચ્ચે આમ પણ નાગરિકો મુંઝારો અનુભવી રહ્યા છે. માસ્ક સહીતના મામલે દંડ વસુલીનો ભોગ બનેલા નાગરિકો હાલના મહામારીના સંજોગોમાં આર્થિક તંગીનો અનુભવ કરી રહ્યા છે. ત્યારે સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા નગરમાં હાઈટેક વિકાસનો અભિગમ અપનાવાયો છે.પરંતુ શહેરમાં હજુ પણ પાર્કીંગ વ્યવસ્થા ગોઠવાઈ શકી નથી. જેના લીધે સિનિયર સિટીઝન્સ તેમજ મહીલાઓએ પણ પારાવાર હાલાકી વેઠવી પડે છે. શહેરમાં સે-૧૭ :૨૨ , સે-૧૧ સે-૧૬ સહીતના વિસ્તારમાં રોજ બરોજ પાર્કીંગના પ્રશ્નો ઉઠતા રહે છે. પાર્કીંગ વ્યવસ્થા પણ શિરદર્દ સમાન બની છે. ત્યારે નો પાર્કીંગ ઝોનમા ન આવતા હોય તેવા વિસ્તારમાં પણ પાર્કીંગના ના નામે પોલીસ દંડ વસુલી કરી રહી છે. આવા ઠેકાણે પ્રથમ પોલીસે નો પાર્કીંગના બોર્ડસ મુકવા જોઈએ જેથી બહારથી આવતા તેમજ સ્થાનિક નાગરિકોને ખ્યાલ આવે તે મુજબ નો પાર્કીંગ એરિયા જાહેર કરવામાં આવતો નથી જયારે નાગરિકો આ ઠેકાણે વાહન મુકે કે તુરંત જ તગડો દંડ વસુલવામાં આવે છે.

ત્યારે પોલીસતંત્રએ પણ જરૂરી પ્રક્રીયામાંથી પસાર થઈને આ મામલે આગળની કાર્યવાહી કરવી જોઈએ તેવો પણ સુર ઉઠવા પામ્યો છે. શહેરમાં પાર્કીંગ પર પ્રતિબંધ હોય તેવા વિસ્તારમાં નો પાર્કીંગના પાટીયા મુકવા પણ અનિવાર્ય છે જેથી આમ નાગરિકો દંડ વસુલીનો ભોગ ન બને.

## હાઈકોર્ટ સહિત રાજ્યની તમામ કોર્ટ ચોથી ઓગસ્ટથી શરૂ થશે

**વકીલો દ્વારા કોર્ટો શરૂ કરવા સતત દબાણ : કોરોનાને લીધે કોર્ટની કાર્યવાહી ઓનલાઈન ચાલતી હતી**



ગાંધીનગર, તા. ૨૭

કોરોનાના કહેર વચ્ચે રાજ્યની તમામ કોર્ટ બંધ કરી દેવામાં આવી હતી. જે બાદ વકીલો દ્વારા સતત કોર્ટ ખોલવા માટે વિરોધ પ્રદર્શન પણ કરવામાં આવ્યું હતું. તેવામાં આજે ગુજરાતભરનાં વકીલો માટે સારા સમાચાર છે. ૪ ઓગસ્ટથી રાજ્યની હાઈકોર્ટ સહિતની તમામ કોર્ટ શરૂ કરી દેવામાં આવશે. કોરોના મહામારીને કારણે અત્યાર સુધી કોર્ટની તમામ કાર્યવાહી ઓનલાઈન ચાલતી હતી. રાજ્યમાં કોરોના મહામારી વચ્ચે કોર્ટ બંધ રહેતાં વકીલોની આર્થિક પરિસ્થિતિ પર ખરાબ અસર પડી હતી. અને કોર્ટ શરૂ કરવા માટે વકીલો દ્વારા વિરોધ પ્રદર્શન પણ કરવામાં આવી રહ્યું હતું. તો બાર કાઉન્સિલ દ્વારા ૨૯ જુલાઈથી ઉપવાસની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી હતી. જો કે, નામદાર કોર્ટ દ્વારા વકીલોનાં હિતમાં નિર્ણય લેવામાં આવ્યો હતો. અને હવેથી કોર્ટની કામગીરી ફિઝિકલ શરૂ થશે. ઉલ્લેખનીય છે કે, કોર્ટ બંધ રહેતાં સતત વકીલો દ્વારા ફિઝિકલ કોર્ટ શરૂ કરવા માટે આવેદનપત્ર આપવામાં આવી રહ્યા હતા. હાઈકોર્ટ સહિત રાજ્યના તમામ જિલ્લાઓની કોર્ટ કાર્યવાહી પર કોરોના મહામારીને કારણે બ્રેક વાગી ગઈ હતી.

**વડનગરા નાગર અવસાન**



મારાં માતૃશ્રી અને અમારાં વડીલ
**કનકબેન યોગેન્દ્ર માંકડ નું**
તા.૨૭-૭-૨૦૨૦ ને સોમવારના રોજ
દુ:ખદ અવસાન થયેલ છે.

**પ્રવર્તમાન સ્થિતિ ને ધ્યાને રાખી પ્રાર્થના સભા રાખેલ નથી**

લિ.
રશેષ યોગેન્દ્ર માંકડ (એડવોકેટ)
ભસ્માંગ રશેષ માંકડ
પહલ, આદિત
માતંગી રશેષ માંકડ
પ્રજ્ઞા સુધીર મંકોડી
ભાવિતા ભસ્માંગ માંકડ


ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com